GJJN220001622022

सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ રજુ કર્યા તારીખ | ૦૬–૦૩–૨૦૨૦ |
| કેસ નોંધ્યા તારીખ | ૦૬–૦૩–૨૦૨૦ |
| કેસ નિકાલ તારીખ | ૦૧–૦૪–૨૦૨૬ |
| સમય અવધિ | વર્ષ માસ દિવસ |
| | ૦૬– ૦૦– ૨૭ |

**નમુના–અ**

| **વંથલીના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રી ની કોર્ટમાં, મુકામઃ વંથલી.** | |
|---|---|
| ચુકાદાની તારીખ | |
| કેસ નંબર | **સેશન્સ કેસ નંબર : ૧૨/૨૦૨૨.**<br>**(જુના સેશન્સ કેસ નં. ૨૫/૨૦૨૦)** |
| **જજમેન્ટ આંક** | **૧૧૧** |
| **ગુનાની વિગત** | |
| ગુનાની કલમ : | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૩૫૪(એ)(બી)(સી), ૩૬૫, ૫૦૬(૨) મુજબ. |
| પ્રથમ માહીતી એહવાલ સંખ્યા | માણાવદર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ફર્સ્ટ–૪૬/૨૦૧૯ |
| પોલીસ સ્ટેશન | માણાવદર પોલીસ સ્ટેશન |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ. એ.જી.પી. શ્રી એન.કે. પુરોહીત |
| આરોપીપક્ષ | **પરાગ હરસુખભાઈ ગરાળા,**<br>જાતે–પટેલ, ઉ.વ. ૨૯,<br>રહે. વેળવા, પટેલ સમાજ પાસે,<br>તા.માણાવદર. |
| રજુઆત | આરોપી તરફે વિ.વકીલશ્રી જે.એ. વાઘેલા |

**નમુના–બ**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા. ૨૪.૦૮ .૨૦૧૯ |
| પ્રથમ માહીતી અહેવાલની | તા. ૧૧.૧૧.૨૦૧૯ |
| આખરી અહેવાલની તારીખ | તા. ૦૯.૦૧.૨૦૨૦ |
| તહોમતનામાની તારીખ | તા. ૨૫.૦૧.૨૦૨૩ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા. ૨૨.૦૨.૨૦૨૩ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | તા.૧૮.૦૩. ૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૦૧.૦૪.૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

**નમુના–ક**

**ફરીયાદી / બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ. ફરિયાદ પક્ષ**

| **સાહેદ નં.** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧. | પંચ સાહેદ–દિનેશભાઇ થોભણભાઇ મેંદપરાની જુબાની. | ૨૪ |
| ૨. | પંચ સાહેદ–દિનેશભાઇ રમણીકભાઇ રાવલની જુબાની. | ૨૭ |
| ૩. | પંચ સાહેદ–ભીમાભાઇ મંગાભાઇ પંચાલની જુબાની. | ૨૮ |
| ૪. | પંચ સાહેદ–આશિષભાઇ વિઠ્ઠલભાઇ કણસાગરાની જુબાની. | ૩૮ |
| ૫. | પંચ સાહેદ–વિપુલભાઇ રમણીકભાઇ સોભાસણાની જુબાની. | ૪૪ |
| ૬. | પંચ સાહેદ–હરીભાઇ થોભણભાઇ મેંદપરાની જુબાની. | ૪૭ |
| ૭. | પંચ સાહેદ–સુરેશભાઇ અરજણભાઇ ગરાળાની જુબાની. | ૫૨ |
| ૮. | ભોગ–બનનાર ફરીયાદીની જુબાની. | ૫૪ |
| ૯. | પંચ સાહેદ–કીરીટભાઇ વીરજીભાઇ ગરાળાની જુબાની. | ૫૯ |
| ૧૦. | પંચ સાહેદ–જીતેન્દ્રકુમાર રમેશભાઇ મેંદપરાની જુબાની. | ૬૧ |

| | | |
|---|---|---|
| ૧૧. | સાહેદ–રાજેશભાઇ વિઠ્ઠલભાઇ વીરોજાની જુબાની. | ૬૨ |
| ૧૨. | સાહેદ–જીતેન્દ્રભાઇ નાથાભાઇ માખણસાની જુબાની. | ૬૫ |
| ૧૩. | સાહેદ–કીરણબેન જીતેન્દ્રભાઇ માખણસાની જુબાની. | ૬૬ |
| ૧૪. | સાહેદ–વિજયભાઇ નાથાભાઇ માખણસાની જુબાની. | ૬૭ |
| ૧૫. | સાહેદ–ડો.પારૂલબેન ગોવિંદભાઇ વાળાની જુબાની. | ૭૧ |
| ૧૬. | સાહેદ–ડો.જય કનૈયાલાલ કણસાગરાની જુબાની. | ૭૬ |
| ૧૭. | સાહેદ–ડો.ભાર્ગવ વિરમભાઇ ભાદરકાની જુબાની. | ૮૨ |
| ૧૮. | સાહેદ–સેજલબેન વિજયભાઇ માખણસાની જુબાની. | ૮૭ |
| ૧૯. | પોલીસ સાહેદ–ગૌરીબેન ગલાભાઇ મકવાણાની જુબાની. | ૯૫ |
| ૨૦. | પોલીસ સાહેદ–જયશ્રીબેન પ્રાગજીભાઇ વરીયાની જુબાની. | ૧૦૯ |

| ક્રમ નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામુ. | ૨૫ |
| ૨. | મુદામાલ આર્ટીકલ નં.૧ ની બેગી પરની પંચ સ્લીપ. | ૨૬ |
| ૩. | ફરીયાદીના કપડા કબ્જે કર્યાનું પંચનામુ. | ૨૯ |
| ૪. | મુદામાલ આર્ટીકલ નં. ૩, ૪ તથા ૫ પરની પંચ સ્લીપો. | ૩૦ થી ૩૨ |
| ૫. | આરોપીનું અટક પંચનામુ. | ૩૯ |
| ૬. | આરોપીના કપડા કબ્જે કર્યાનું પંચનામુ. | ૪૮ |
| ૭. | મુદામાલ આર્ટીકલ નં. ઓ. પી. અને કયુ. પરની પંચ સ્લીપો. | ૪૯ થી ૫૧ |
| ૮. | પોલીસ ફરીયાદ. | ૫૫ |
| ૯. | મેડીકલ તપાસણી દરમ્યાન લીધેલ નમુના કબ્જે કર્યાનું પંચનામુ. | ૫૬ |

| | | |
|---|---|---|
| ૧૦. | મુદ્દામાલ રીકવર કર્યાનું પંચનામુ. | ૬૦ |
| ૧૧. | ભોગ–બનનારનું મેડીકલ તપાસણી સર્ટીફીકેટ. | ૭૨ |
| ૧૨. | ભોગ–બનનારની મેડીકલ તપાસણી માટે જરુરી નમુના લેવા મેડીકલ ઓફીસરશ્રી, માણાવદરને લખેલ યાદી. | ૭૩ |
| ૧૩. | ભોગ–બનનારની રીફર નોટ. | ૭૪ |
| ૧૪. | ભોગ–બનનારના શરીર પરથી કબ્જે લીધેલ નમુના મોકલ્યાનો પત્ર. | ૭૫ |
| ૧૫. | ભોગ–બનનારે ડોકટર સમક્ષ આપેલ હીસ્ટ્રી. | ૭૬ |
| ૧૬. | ભોગ–બનનારનો ગાયનેક અભિપ્રાય મળવા મેડીકલ ઓફીસર, સરકારી હોસ્પીટલ, જુનાગઢને લખેલ પત્ર. | ૭૭ |
| ૧૭. | ભોગ–બનનારની રીફર નોટ. | ૭૮ |
| ૧૮. | ભોગ–બનનારના લીધેલ નમુના મોકલ્યાનો ફોરવર્ડીંગ પત્ર. | ૭૯ |
| ૧૯. | આરોપીની મેડીકલ તપાસણી કરવા સી.એચ.સી. માણાવદરને લખેલ યાદી. | ૮૩ |
| ૨૦. | આરોપીનો મેડીકલ તપાસણી રીપોર્ટ. | ૮૪ |
| ૨૧. | આરોપીના એમ.એલ.સી. કેસ પેપર્સ. | ૮૫ |
| ૨૨. | આરોપીના લીધેલ નમુના એફ.એસ.એલ. કચેરીને મોકલ્યાની યાદી. | ૮૬ |
| ૨૩. | મુદ્દામાલ રીકવર કર્યાનું પંચનામુ. | ૮૮ |
| ૨૪. | ભોગ–બનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નીવેદન લેવા જયુડી.મેજી.ફ.ક.શ્રી, માણાવદરને લખેલ યાદી. | ૯૬ |
| ૨૫. | ભોગ–બનનારને હાજર રહેવા સીઆરપીસી કલમ–૧૬૦ અન્વયે જાણ કર્યાની યાદી. | ૯૭ |
| ૨૬. | મુદ્દામાલ રવાનગી નોંધ. | ૯૮ |
| ૨૭. | એફ.એસ.એલ. કચેરીને મુદ્દામાલ મળી ગયાની પહોંચ. | ૯૯ |
| ૨૮. | એફ.એસ.એલ. જુનાગઢનાએ મુદ્દામાલ પરીક્ષણ રીપોર્ટ મોકલ્યાનો ફોરવર્ડીંગ પત્ર. | ૧૦૦ |
| ૨૯. | એફ.એસ.એલ. જુનાગઢનાએ મુદ્દામાલ પરીક્ષણ રીપોર્ટ મોકલ્યાનો ફોરવર્ડીંગ પત્ર. | ૧૦૧ |
| ૩૦. | ભોગ–બનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નીવેદન લેવા જયુડી.મેજી.ફ.ક.શ્રી, | ૧૦૨ |

| | | |
|---|---|---|
| | માણાવદરને લખેલ યાદી. | |
| ૩૧. | એફ.આઇ.આર.ની ખરીનકલ. | ૧૦૩ |
| ૩૨. | સ્ટેશન ડાયરીના ઉતારાની ખરીનકલ. | ૧૦૪ |
| ૩૩. | ગુનો દાખલ કરવા પી.એસ.ઓ.ને લખેલ યાદી. | ૧૦૫ |
| ૩૪. | ભારે ગુનાનો સ્પેશીયલ રીપોર્ટ. | ૧૦૬ |
| ૩૫. | પી.એસ.આઇ.શ્રી મહીલા પોલીસ સ્ટેશન જુનાગઢને આગળની તપાસ સંભાળવા લખેલ યાદી. | ૧૦૭ |

## – <u>જજમેન્ટ</u> –

**(૧)** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદી ભોગ–બનનારને અવાર નવાર જુદા જુદા સમયે ફરીયાદી પાસે બીભત્સ માંગણી કરતા ફરીયાદીએ ના પાડેલ, જેથી ફરીયાદી ભોગ–બનનારને તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરીયાદી ભોગ–બનનારની ઇચ્છા વિરુધ્ધ આરોપીએ ફરીયાદીના ઘરે તથા ફરીયાદી ભોગ–બનનાર એઠવાડ નાખવા જતા હતા ત્યારે આ કામના આરોપીએ ફરીયાદી ભોગ–બનનારનો હાથ પકડી તેની દુકાનમાં લઇ જઇ ત્યાં પણ ફરીયાદી સાથે તેની મરજી વિરુધ્ધ સંભોગ કરી અને ફરીયાદીને પોતાની વીડીયો કલીપ બનાવી છે તેમ જણાવી હવે પછી સંભોગ નહી કરવા દે તો તે કલીપ વાયરલ કરી દેશે તેવી તથા આ વાત કોઇને કહીશ તો ફરીયાદીને તથા તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ હોવાની ફરીયાદ માણાવદર પોલીસ સ્ટેશનમાં આપતા પોલીસે સદર ગુનો ગુના રજી. નં. ફર્સ્ટ–૪૬/૨૦૧૯ થી ભારતીય દંડ સંહિતની કલમ–૩૭૬(૨)(એન), ૩૫૪ (એ.બી.સી.), ૩૬૫, ૫૦૬(૨) મુજબનો ગુનો નોંધાયેલ છે.

**(૨)** ફરીયાદીની ફરીયાદના અનુસંધાને માણાવદર પોલીસ સ્ટેશન તરફથી સદર ગુનાની ફરીયાદ દાખલ કર્યા બાદ તપાસ કરનાર પોલીસ અધિકારીએ તપાસ હાથ ધરી, તપાસ દરમ્યાન આરોપી સામે ઉપરોક્ત મુજબના ગુના બનવા પામતા હોઈ, આરોપીને અટક કરી તેઓની વિરૂદ્ધ કાયદેસરની પોલીસ

તપાસ દરમ્યાન પુરતા પુરાવા મળી આવતા માણાવદરની અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરતા તે ફોજદારી કેસ નં. ૪૨/૨૦૨૦ થી રજીસ્ટરે લેવામાં આવેલ. ત્યાર બાદ સદર કેસ સેશન્સ ટ્રાયેબલ કેસ હોય સદર કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માણાવદર કોર્ટને ન હોવાથી તેઓએ સદર કેસ જુનાગઢ સેશન્સ કોર્ટને કમીટ કરતા તે કેસ જુનાગઢ સેશન્સ કોર્ટમાં સેશન્સ કેસ નં. ૨૫/૨૦૨૦ થી રજીસ્ટરે લેવામાં આવેલો.

(૩) ત્યાર બાદ વંથલી મુકામે સેશન્સ કોર્ટ કાર્યરત થતા સદર કેસ અત્રેની કોર્ટની હકુમતનો હોય, અત્રેની કોર્ટમાં ટ્રાન્સફર થતા તેને સેશન્સ કેસ નં. ૧૨/૨૦૨૨ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે. ત્યાર બાદ આ કામના આરોપીને પ્રોસેસની બજવણી થતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થતા આરોપી વિરૂધ્ધ આંક-૨૨ થી તહોમતનામું ફરમાવી આંક-૨૩ થી આરોપીનો જવાબ નોંધતા આરોપીએ ગુનો કબુલ કરેલ નથી જેથી તેઓ સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) નમુના-ક માં જણાવ્યા મુજબનો રજુ થયેલ પુરાવો લક્ષમાં લેતા તેમજ વિ.એપીપીશ્રીએ ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવાની આંક-૧૧૦ ની પુરસીશ રજૂ કરી પોતાનો પુરાવો બંધ જાહેર કરતા ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, તેમાં આરોપીએ ફરીયાદપક્ષના તમામ પુરાવાની હકીકત ખોટી હોવાનું તેમજ સોગંદ ઉપર જુબાની આપવાનો અને બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવી, વિષેશમાં જણાવે છે કે, તેઓ તદ્દન નિર્દોષ છીએ, ખોટી રીતે સંડોવી દીધેલ છે, તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે વિ.એ.જી.પી.શ્રીની વિગતવાર મૌખીક દલીલો સાંભળવામાં આવી જેમા એવી દલીલ કરી છે કે, આ કામે આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતની કલમ- ૩૭૬(૨)(એન), ૩૫૪ (એ.બી.સી.), ૩૬૫, ૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે તમામ દસ્તાવેજી પુરાવા ફરીયાદ પક્ષ

ધ્વારા પુરવાર કરી આંકે પડાવેલ છે. વિશેષમા જણાવેલ છે કે આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ ઉપરોક્ત પુરાવાથી પુરવાર કરેલ હોય અને બચાવપક્ષે તેની વિરૂધ્ધના અનુમાનનું ખંડન કરેલ નથી તેથી ફરીયાદપક્ષે તેનો કેસ શંકારહીત પુરવાર કરેલ હોય આરોપીને યોગ્ય તે સજા કરવા અરજ કરેલ છે.

**(૬)** આરોપી તરફે તેમના વિ.વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે અને તેઓએ તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષ આરોપી સામેના આક્ષેપીત ગુના પુરવાર કરી શકેલ ન હોય આરોપીને નીર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપુર્વક દલીલ કરેલ છે.

**(૭)** બંન્ને પક્ષકારોના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા અને બન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો લક્ષમા લેતા આ કેસના ન્યાયી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– મુદાઓ –**

(૧) શું ફરીયાદ પક્ષ શંકારહીત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદી ભોગ–બનનારને અવાર નવાર જુદા જુદા સમયે ફરીયાદી પાસે બીભત્સ માંગણી કરતા ફરીયાદીએ ના પાડેલ, જેથી ફરીયાદી ભોગ–બનનારને તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરીયાદી ભોગ–બનનારની ઇચ્છા વિરુધ્ધ આરોપીએ ફરીયાદીના ઘરે તથા ફરીયાદી ભોગ–બનનાર એઠવાડ નાખવા જતા હતા ત્યારે આ કામના આરોપીએ ફરીયાદી ભોગ–બનનારનો હાથ પકડી તેની દુકાનમાં લઇ જઇ ત્યાં પણ ફરીયાદી સાથે તેની મરજી વિરુધ્ધ સંભોગ કરી અને ફરીયાદીને પોતાની વીડીયો કલીપ બનાવી છે તેમ જણાવી હવે પછી સંભોગ નહી કરવા દે તો તે કલીપ વાયરલ કરી દેશે તેવી તથા આ વાત કોઇને કહીશ તો ફરીયાદીને તથા તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી અને તેમ કરીને આરોપીએ ભારતીય દંડ સંહિતની કલમ–૩૭૬(૨)(એન), ૩૫૪

(એ.બી.સી.), ૩૬૫, ૫૦૬(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

– <u>નિ ર્ણ યો</u> –

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

– <u>કા ર ણો</u> –

**<u>મુદ્દા નં.૧ :–</u>**

(૯) ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજીયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરીયાદપક્ષ ઉપર લાદવામાં આવેલ છે. જયારે આરોપી પક્ષે તેવી હકીકત પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી એટલે કે સંભવિતતાના સિધ્ધાંત મુજબ સાબીત કરવાની હોય છે. એ સ્થાપિત છે કે, ફરીયાદપક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે. હવે ઉપરોકત કાયદાની સ્થાપિત સ્થિતિને લક્ષમાં લઈ ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આ કામના આરોપી સામે એવો આક્ષેપ મુકવામાં આવેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદી ભોગ–બનનારને અવાર નવાર જુદા જુદા સમયે ફરીયાદી પાસે બીભત્સ માંગણી કરતા ફરીયાદીએ ના

પાડેલ, જેથી ફરીયાદી ભોગ–બનનારને તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરીયાદી ભોગ–બનનારની ઇચ્છા વિરુધ્ધ આરોપીએ ફરીયાદીના ઘરે તથા ફરીયાદી ભોગ–બનનાર એઠવાડ નાખવા જતા હતા ત્યારે આ કામના આરોપીએ ફરીયાદી ભોગ–બનનારનો હાથ પકડી તેની દુકાનમાં લઇ જઇ ત્યાં પણ ફરીયાદી સાથે તેની મરજી વિરુધ્ધ સંભોગ કરી અને ફરીયાદીને પોતાની વીડીયો કલીપ બનાવી છે તેમ જણાવી હવે પછી સંભોગ નહી કરવા દે તો તે કલીપ વાયરલ કરી દેશે તેવી તથા આ વાત કોઇને કહીશ તો ફરીયાદીને તથા તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને સદર હકીકત સબંધે રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષે મુળ ફરીયાદી અને ભોગ–બનનારની સાહેદ નં.૮ તરીકે આંક–૫૪ થી જુબાની થયેલ છે. સદર ભોગ–બનનાર ફરીયાદીએ તેની કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે, તેણી માણાવદર મુકામે તેના પતિ રાજેશભાઇ તથા દીકરા વાસુ સાથે સંયુકત પરીવારમાં રહે છે, તેણીના લગ્નને ૨૩ વર્ષ થઇ ગયેલ છે. તેણીએ તેની જુબાનીમાં એ વાતનો ઇન્કાર કરેલ છે કે, ૨૦૧૯ ની સાલમાં તેના ઘરે બપોરના સમયે એકલી હોય ત્યારે કોઇ તેના ઘરે આવેલ હોય અને તેની સાથે શરીર સબંધ બાંધવાની વાત કરેલ હોય અને તેણીએ આજીજી કરેલ હોય અને તે માનેલ ન હોય અને તેની સાથે તેની ઇચ્છા અને મરજી વિરુધ્ધ શરીર સબંધ બાંધેલ હોય અને તેનો દીકરો જે જુનાગઢ ભણતો હોય તેને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય અને તેણીનો વીડીયો ઉતારી લીધેલ હોય અને તે વીડીયો વાયરલ કરવાની ધમકી આપેલ હોય તેવી કોઇ હકીકત બનેલ હોવાનો સ્પષ્ટપણે ઇન્કાર કરેલ છે. સદર ફરીયાદીને અસલ ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જે ફરીયાદ આંક–૫૫ થી રજુ થયેલ છે. વધુમાં પોલીસે તેની પુછપરછ કરી વિશેષ નીવેદન લીધેલ હોવાનો ઇન્કાર કરેલ છે. પોલીસે તેનું કોઇ મેડીકલ કરાવેલ નહી કે તેણીએ ડોકટર રુબરુ બનાવ હકીકત જણાવેલ નહી તેવી હકીકત પોતાની સરતપાસમાં જણાવેલ છે. સદર ફરીયાદી ભોગ–બનનાર તેની ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેણીને હોસ્ટાઇલ જાહેર કરી, વિ.એડી.પી.પી.શ્રી ધ્વારા સદર ભોગ–બનનારની

ઉલટતપાસ કરવામાં આવેલ છે પરંતુ સમગ્ર ઉલટતપાસ જોતા ભોગ–બનનારે તેની ફરીયાદમાં બનાવ સબંધે જે હકીકતો લખાવેલી છે તેવી કોઇ હકીકત તેણીએ ફરીયાદમાં લખાવેલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે અને તેની આંક–૫૫ વાળી ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. સદર ફરીયાદીની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં સહી કર્યા સિવાય બનાવ બાબતે તેણી કાંઇ જાણતી નથી કે તેણીએ કાંઇ લખાવેલ નથી. આમ, સદર ફરીયાદી ભોગ–બનનારના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદીએ તેની આંક–૫૫ વાળી ફરીયાદમાં જે પ્રકારના આક્ષેપો કરેલાં છે અને બનાવ બનેલાની હકીકતો જણાવેલ છે તે મુજબનો કોઇ બનાવ બનેલ હોવાનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે ત્યારે આ કામના આરોપીએ ભોગ–બનનાર ફરીયાદી સાથે તેની ઈચ્છા અને મરજી વિરુધ્ધ અવાર નવાર શરીર સબંધ બાંધી, બળાત્કાર સંભોગ કરેલ હોય અને તેની વીડીયો કલીપ ઉતારી સદર વીડીયો કલીપ વાયરલ કરી તેણીને સમાજમાં બદનામ કરવાની ધમકી આપી અવાર નવાર તેણીની સાથે બળાત્કાર સંભોગ કરેલ હોય અને તેના દીકરાને પણ જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઇ હકીકતને ફરીયાદીના પુરાવાથી સમર્થન મળતુ નથી, જેથી ફરીયાદી ભોગ–બનનારના પુરાવાથી આંક–૫૫ વાળી ફરીયાદમાં જે પ્રકારના આક્ષેપો કરેલાં છે તે મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી ત્યારે આંક–૫૫ વાળી ફરીયાદના કંટેન્શન પુરવાર માની શકાય નહી.

**(૧૧)** વધુમાં સદર કામે ફરીયાદપક્ષના સાહેદ રાજેશભાઇ વિઠલભાઇ વીરોજાની આંક–૬૨ થી જુબાની થયેલ છે, જેઓ મુળ ફરીયાદી ભોગ–બનનારના પતિ થાય છે. તેઓએ તેમની કોર્ટ સમક્ષની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ માણાવદર તાલુકાના વેળવા ગામે રહે છે. તેમને સંતાનમાં એક દીકરો છે તેનું નામ વાસુ છે અને તે બનાવના અરસામાં ૨૦૧૯ ની સાલમાં ધોરણ–૧૧ માં જુનાગઢમાં સાયન્સનો અભ્યાસ કરતો અને તેઓ પાન બીડીનો વેપાર કરતાં, તેમના પત્ની અને તેઓ વેળવા ગામે રહેતા હતાં અને તેમના પત્ની ઘરની અંદર આવેલ બહારના રુમમાં કરીયાણાની દુકાન ચલાવતી હતી અને સદર

સાહેદ ગામમાં પાન બીડીનો ગલ્લો ચલાવતા હતાં. વધુમાં જણાવે છે કે, તેના પત્નીએ બનાવના અરસામાં જણાવેલ કે, મારે મારા ભાઇના ઘરે થોડા દિવસ આટો મારવા જવું છે, જેથી સદર સાહેદે કહેલ કે, તું રાજીખુશીથી તારા ભાઇના ઘરે આટો મારી આવ, જેથી તેના પત્ની તેના ભાઇ જીતુના ઘરે રાજકોટ મુકામે ગયેલ હતી અને તા.૧૧/૧૧/૧૯ ના રોજ બપોરના સમયે તેમના સાળા જીતુભાઇએ તેમને ફોન કરીને જણાવેલ કે, માણાવદર પોલીસ સ્ટેશને આવો મેડમ બોલાવે છે, જેથી તેઓ ગભરાઇ ગયેલા અને તેઓ વેળવાથી માણાવદર પોલીસ સ્ટેશને ગયેલ, ત્યારે તેમના સાળા જીતુ અને બીજો સાળો વિજય અને તેની પત્ની સેજલ અને સદર સાહેદની પત્ની હાજર હતા અને ત્યાં જઇને તેઓએ પોલીસ સ્ટેશને આવવાનું કારણ પુછતા તેમને જાણવા મળેલ કે, તેના પત્નીને ગામમાં રહેતા પરાગ હરસુખ ગરાળા સામે ફરીયાદ કરવી હતી, તેથી તેઓએ કારણ પુછેલ તો તેના સાળા જીતુએ તેમને ફરીયાદ હકીકત જણાવેલી, ત્યારે તેઓએ તેના પત્નીને કહેલ કે, તે અત્યાર સુધી મને આ બનાવની વાત કેમ કરેલ નહી તો તેના પત્નીએ જણાવેલ કે, આપણી બાજુમાં પરાગ હરસુખ ગરાળા રહે છે તેણે અનેક વખત મારી સામે ચેનચાળા કરી, મારી સાથે પ્રેમસબંધ અને શરીર સબંધ રાખવા દબાણ કરતો અને કહેતો કે તું મારી સાથે શરીર સબંધ નહી રાખ તો હું તારા દિકરાને જાનથી મારી નાખીશ અને મને કહેલ કે, મેં તારી વીડીયો કલીપ ઉતારેલી તે વાયરલ કરી દઇશ અને આમ કહી તે મારી સાથે અડપલા કરી, બે-ચાર વખત મારી મરજી વિરુધ્ધ મારી સાથે પરાણે સબંધ બાંધેલ અને આપણા દીકરા વાસુને જાનથી મારી નાખવાની ધમકી આપેલ તેવી વાત તેમને કરેલ હતી વિગેરે હકીકત સરતપાસમાં જણાવેલ છે. સદર સાહેદની ઉલટતપાસ માટે બચાવપક્ષના વકીલશ્રી હાજર ન હોય તેમનો ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે અને ત્યાર બાદ પણ ઉલટતપાસનો હકક ખોલવાની કોઇ અરજી આપી સદર સાહેદની બચાવપક્ષે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર સાહેદ ભોગ-બનનાર ફરીયાદીના પતિ થાય છે, કહેવાતા બનાવ બાબતે તેના પત્ની તેના ભાઇ એટલે કે સદર સાહેદના સાળા સાથે પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા ગયેલી અને પોલીસે સદર સાહેદને ફોન કરી પોલીસ સ્ટેશને બોલાવતા

તે સમયે ફરીયાદીએ તેમને બનાવ સબંધે વાત કરેલી તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે, સદર સાહેદ હીયર્સે વીટનેસ છે અને મુળ ફરીયાદી ભોગ–બનનારે બનાવ બનેલાની હકીકતને સમર્થન કરેલ નથી ત્યારે હીયરસે સાહેદના પુરાવા પર આધાર રાખી આરોપી સામેના આક્ષેપો પુરવાર થઇ શકે નહી.

**(૧૨)** વધુમાં સદર કામે ફરીયાદપક્ષના સાહેદ જીતેન્દ્રભાઇ નાથાભાઇ માખણસાની આંક–૬૫ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેમનું મુળ વતન જુનાગઢ જીલ્લાના માળીયા તાલુકાનું મંળબોડી ગામ છે, તેઓ ૨૦૧૯ ના દશ વર્ષ પહેલાથી રાજકોટ મુકામે તેમના કુટુંબ પરીવાર સાથે રહે છે, તેઓ કુલ ત્રણ ભાઇઓ છે અને એક બહેન છે, તેઓ રાજકોટ જામનગર રોડ ઉપર ગાર્ડન ડીનર કલબની સામે ગ્લોરીયેશ સોસાયટી એપેલ એપાર્ટમેન્ટમાં રહે છે, તેમની બહેન વેળવા મુકામે સાસરે છે. વધુમાં જણાવે છે કે, બનાવ ચાર પાંચ વર્ષ પહેલાં બનેલો, ત્યારે તેમની બેન તેના ઘરે આવેલી અને તેમના પત્ની કીરણને વાત કરેલી અને તે ગભરાયેલી રહેતી, ત્યાર બાદ તેના પત્નીએ તેમને વાત કરેલ કે, તેમને તેની બહેને એવી વાત કરેલ કે, અમારા ઘરની બાજુમાં રહેતા પરાગભાઇ હરસુખભાઇ ગરાળા મને હેરાન કરતા અને મને ધમકી આપતા વિગેરે વાત તેમના પત્નીને કરેલી, બાદ તેઓએ અને તેના ભાઇ વિજયે તેની બેનને આશ્વાસન આપેલ અને તેઓએ પણ તેની બેનને બનાવ અંગે પુછતા તેણે બનાવ હકીકત જણાવેલી અને આ બાબતે તેની બેને માણાવદર કેસ દાખલ કરેલો વિગેરે હકીકત સરતપાસમાં જણાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં એ વાતનો ઇન્કાર કરેલ છે કે, તેઓ જણાવે છે તે મુજબની કોઇ વાત તેને તેના પત્નીએ કે તેની બેને કરેલ નથી, તેમજ આવી કોઇ વાત તેમણે તેના ભાઇ વિજયને કે તેના પત્નીને કરેલ નથી. આમ, સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર સાહેદ ભોગ–બનનાર ફરીયાદીના ભાઇ થાય છે અને સદર સાહેદ પણ હીયર્સે વીટનેસ છે અને આ કામના મુળ ફરીયાદી ભોગ–બનનારે બનાવ બનેલાની ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી ત્યારે માત્ર હીયર્સે વીટનેસના પુરાવાથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થઇ શકે નહી.

(૧૩) વધુમાં સદર કામે ફરીયાદપક્ષના સાહેદ કીરણબેન જીતેન્દ્રભાઈ માખણસાની આંક–૬૬ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છેકે, તેઓ રાજકોટ જામનગર રોડ ઉપર ગાર્ડન ડીનર કલબની સામે ગ્લોરીયેશ સોસાયટી એપેલ એપાર્ટમેન્ટમાં તેના પતિ સાથે રહે છે. બનાવ ચાર પાંચ વર્ષ પહેલાં બનેલો ત્યારે તેની નણંદ બનાવના ૧૦ દિવસ બાદ તેમના ઘરે આવેલી અને તેમને વાત કરેલી અને તે ગભરાયેલી રહેતી, બાદ તેઓએ તેના પતિને વાત કરેલી કે, તેમને તેના બહેને એવી વાત કરેલી કે, અમારા ઘરની બાજુમાં રહેતા પરાગભાઈ હરસુખભાઈ ગરાળા મને હેરાન કરે છે, અવાર નવાર ચેનચાળા કરે છે, મને પ્રેમસબંધ રાખવા દબાણ કરે છે અને શરીર સબંધ બાંધવાનું કહે છે અને મારી મરજી વિરુધ્ધ મને અડપલા કરી, બે–ત્રણ વખત મારી સાથે શરીર સબંધ બાંધેલ છે અને મને કહેલ કે, તારી વીડીયો કલીપ ઉતારી લીધેલ છે અને મારી સાથે શરીર સબંધ નહી રાખે તો વીડીયો કલીપ વાયરલ કરી તને બદનામ કરી નાખીશ – એવી વાત તેમને કરેલી, જેથી આ વાત તેણીએ તેના પતિ અને ઘરના અન્ય સભ્યોને જણાવેલી, તેઓએ તેની નણંદને કહેલ કે, તું ગભરાતી નહી, અમે તારી સાથે છીએ, બાદ તેની નણંદે આ બાબતે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી વિગેરે હકીકત પોતાની સરતપાસમાં જણાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં સ્વીકાર કરેલ છે કે, ભોગ–બનનાર તેના ઘરે આવ્યા બાદ તેઓએ તેને સમજાવી અને હાલની ફરીયાદ કરાવેલી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેણીએ સરતપાસમાં જણાવ્યાં મુજબની કોઈ હકીકત તેઓને ભોગ–બનનારે જણાવેલ નથી. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર સાહેદ પણ હીયરસે વીટનેસ છે અને મુળ ફરીયાદી ભોગ–બનનારે તેમને બનાવની હકીકત જણાવેલ હોવાનો પુરાવો આપેલ છે પરંતુ આ કામના ખુદ ભોગ–બનનાર ફરીયાદીએ બનાવ બનેલાની હકીકતને સમર્થન કરેલ નથી ત્યારે સદર સાહેદે તેની જુબાનીમાં જણાવેલ હકીકતોનું કોઈ તથ્ય રહેતુ નથી.

(૧૪) વધુમાં સદર કામે ફરીયાદપક્ષના સાહેદ વિજયભાઈ નાથાભાઈ માખણસાની આંક–૬૭ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,

તેઓ રાજકોટ ગોકુલધામ સોસાયટી ખાતે રહે છે, સને–૨૦૧૯ માં સ્વામીનારાયણ ચોક, ટપુ ચોક, ડીનર એપાર્ટમેન્ટ સામે, બ્લોક નં. ૧૫૧ માં રહેતા હતા, તેમનું મુળ વતન જુનાગઢ જીલ્લાના માળીયા તાલુકાનું મુળબોડી ગામ છે, તેમને સંતાનમાં એક દીકરો છે, તેઓ કુલ ત્રણ ભાઈઓ છે. વધુમાં જણાવે છે કે, બનાવ ચાર પાંચ વર્ષ પહેલાં બનેલો ત્યારે તેની બેન તેના ઘરે આવેલી અને તેના ભાભી કીરણને વાત કરેલી અને તે ગભરાયેલી રહેતી, ત્યાર બાદ તેના ભાભીએ તેમના ભાઈને વાત કરેલી કે, તેને તેના નણંદે એવી વાત કરેલ કે, અમારા ઘરની બાજુમાં રહેતા પરાગભાઈ હરસુખભાઈ ગરાળા મને હેરાન કરતા અને મને ધમકી આપતા વિગેરે વાત તેના ભાભીએ તેના ભાઈને કરેલી, બાદ તેના ભાઈએ તેમની બહેનને આશ્વાસન આપેલ અને તેમને પણ વાત કરેલી, બાદ આ બાબતે તેમની બહેને માણાવદર કેસ દાખલ કરેલો વિગેરે હકીકત સરતપાસમાં જણાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ જણાવે છે તે મુજબની કોઈ વાત તેમને તેના ભાભીએ કે તેની બેને કરેલી નથી તેમજ આવી કોઈ વાત તેમને તેના ભાઈ કે તેના પત્નીએ પણ કરેલ નથી. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર સાહેદ પણ હીયર્સે વીટનેસ છે અને મુળ ફરીયાદી ભોગ–બનનારે બનાવ બનેલાની હકીકતને સમર્થન કરેલ નથી ત્યારે સદર સાહેદે તેની જુબાનીમાં જણાવેલ હકીકતોનું કોઈ તથ્ય રહેતુ નથી.

**(૧૫)** સદર કામે ફરીયાદપક્ષના સાહેદ સેજલબેન વિજયભાઈ માખણસાની આંક–૮૭ થી જુબાની થયેલ છે. ભોગ–બનનાર તેના નણંદ થાય છે અને તેઓને ભોગ–બનનારે બનાવ સબંધે  કોઈ વાત કરેલ હોય તેવું બનેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને સદર સાહેદ હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને વિ.એડી.પી.પી.શ્રી ધ્વારા સદર સાહેદની ઉલટતપાસ કરવા છતા બનાવની હકીકતને સમર્થન કરેલ નથી. જેથી સદર સાહેદનો પુરાવો ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેમ નથી.

**(૧૬)** વધુમાં સદર કામે ફરીયાદપક્ષના સાહેદ ડો.પારુલબેન ગોવિંદભાઈ વાળાની

આંક–૭૧ થી જુબાની થયેલ છે. તેઓએતેમની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૧૩/૧૧/૧૯ ના બપોરના ૫.૪૦ વાગ્યે સી.એચ.સી. માણાવદર ખાતે ફરજ પર હાજર હતા ત્યારે મીન્ટુબેન રાજેશભાઇ વીરોજા, ઉ.વ.૩૭ ને પી.સી. જયશ્રીબેન માણાવદર પો.સ્ટે. થી લઇને આવેલાં, આ સમયે મીન્ટુબેનને સમય અને સ્થળનું ભાન હતું અને કોઇ ડીસેબીલીટી ન હતી, તેમને મેડીકોલીગલ એકઝામીનેશન તથા સેમ્પલ કલેકશન માટે લઇને આવેલાં, ભોગ–બનનારને બનાવ હકીકત બાબતે પુછતા તેણીએ લખાવેલ કે, '' હું પરાગ હરસુખ ગરાળા કે જે મારા પાડોશી છે તેને છેલ્લા છ વર્ષથી ઓળખુ છું તથા દોઢ વર્ષથી વાતો કરીએ છીએ તથા તે મને મારા ઘરે મળવા આવતા ત્યારે અમે શારીરીક સબંધ પણ બાંધતા હતાં, છેલ્લા છ મહીનાથી હું તેને મળવા તથા વાત કરવાની ના પાડેલી, પણ તે જબરજસ્તી મળવા માંગતા હતાં, પણ હું મારા પપ્પાના ઘરે દોઢ મહીનાથી રહુ છું તથા મારે ૧૬ વર્ષનો બાબો છે'' તેવી હીસ્ટ્રી ભોગઆરોપીના શરીર ઉપરથી જે નમુના લીધેલા તેનું વર્ણન કરેલ છે, તેઓ એમ.એલ.સી. કાગળ સાથે લાવેલ છે તે આંક–૮૫ થી રજુ કરેલ છે અને લીધેલ નમુના એફ.એસ.એલ. કચેરીને મોકલેલ જે યાદી આંક–૮૬ થી રજુ કરેલ છે –બનનારે તેમના રુબરુ લખાવેલ હતી. વધુમાં જણાવે છે કે, તેણીને પુછતા તે ૧૪ વર્ષની ઉંમરથી માસીક ધર્મ આવવાનો શરુ થઇ ગયેલો તેવું જણાવેલ અને માસીક ધર્મ તેને ૩ થી ૪ મહીને ૪ થી ૫ દિવસ આવતા હોવાનું જણાવેલ, ચકાસણીના એક માસ પુર્વે માસીક આવેલાનું જણાવેલ. સદર સાહેદની જુબાની દરમ્યાન તેઓએ આપેલ સર્ટીફીકેટ રજુ કરેલ છે જેમાં તેમની સહી ઓળખી બતાવે છે તે સર્ટીફીકેટ આંક–૭૨ થી રજુ થયેલ છે. સદર સાહેદે ભોગ–બનનારના શરીર ઉપરની જે નમુના કલેકટ કરેલા તેનું વર્ણન કરેલ છે, તેમના અભિપ્રાય મુજબ ભોગ–બનનાર સાથે શરીર સબંધ બંધાયેલ ન હોય તેવું કહી શકાય નહી તેમ જણાવે છે. વધુમાં જણાવે છે કે, તેઓએ ભોગ–બનનારનું મેડીકલ પરીક્ષણ કરીને તેના બંને સાઇડના બ્રેસ્ટ વેલ ડેવલોપ્ડ હતાં, બગલ અને ગુપ્ત ભાગના વાળ વીકસીત હતા અને તેના શરીર પર બાહય ઇજાના નીશાન જોવામાં આવેલાં નહી તેમ જણાવે છે. વધુમાં જણાવે છે કે, તેઓએ ભોગ–બનનારનું મેડીકલ પરીક્ષણ કરીને તેના બંને સાઇડના બ્રેસ્ટ વેલ ડેવલોપ્ડ હતાં, બગલ

અને ગુપ્ત ભાગના વાળ વીકસીત હતા અને તેના શરીર પર બાહય ઈજાના નીશાન જોવામાં આવેલાં નહી તેમ જણાવે છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે તપાસેલ દર્દીને ૧૬ વર્ષનું બાળક હોય તથા તે શારીરીક સંભોગ કરવા માટે ટેવાયેલ હોય તેવું તેમની તપાસમાં જણાયેલું, તેમણે તપાસેલ દર્દીને પ્રાઈવેટ પાર્ટ વિગેરે ઉપર કોઇ જોરજબરજસ્તીના નીશાનો જોવામાં આવેલ નહી, તેણીની સાથે કોઇ જબર જસ્તીથી શારીરીક સબંધ બંધાયેલો કે કેમ તે તેઓ કહી શકે નહી વિગેરે હકીકત ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવેલ છે. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર સાહેદે ભોગ–બનનાર ફરીયાદીની મેડીકલ તપાસણી કરેલી છે અને મેડીકલ તપાસણી દરમ્યાન ભોગ–બનનારે હીસ્ટ્રીમાં જે હકીકતો જણાવેલ છે તેમાં ફરીયાદીએ તેની ફરીયાદમાં જે પ્રકારના આક્ષેપો કરેલાં છે તેવી કોઇ હકીકત ડોકટર સમક્ષ જણાવેલ નથી અને તેમની સંમતિથી આરોપી સાથે શરીર સબંધ બાંધેલ હોય તેવું ડોકટર સમક્ષની આપેલ હીસ્ટ્રીથી જણાય આવે છે. જો આ કામના આરોપીએ ફરીયાદ મુજબ તેણીની સાથે જબરજસ્તીથી શરીર સબંધ બાંધેલ હોત કે કોઇ ધમકી આપી શરીર સબંધ બાંધેલ હોત તો આ હકીકત તેણીએ ડોકટર સમક્ષની હીસ્ટ્રીમાં જરુરથી જણાવેલ હોત પરંતુ આવી કોઇ હકીકત ડોકટર સમક્ષ જણાવેલ હોય તેવું જણાય આવતુ નથી. જેથી સદર ડોકટરના પુરાવાથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

**(૧૭)** સદર કામે ફરીયાદપક્ષના સાહેદ ડો.જય કનૈયાલાલ કણસાગરાની આંક–૭૬ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૪/૧૧/૧૯ ના રોજ જુનાગઢ સરકારી હોસ્પીટલ ખાતે ફરજ પર હતા ત્યારે આંક–૭૭ વાળી યાદીથી શ્રી જી.જી. મકવાણા, પી.એસ.આઇ., મહીલા પો.સ્ટે. જુનાગઢ નાએ માણાવદર પો.સ્ટે. ગુ.ર.નં. ફસ્ટ ૪૬/૧૯ ના કામના ફરીયાદી મોન્ટુબેનને મેડી.ચેકઅપ કરવા માટે માણાવદર પી.એચ.સી. ખાતે મોકલેલ હતાં અને ફરજ પરના ડો.શ્રીએ ગાયનેક રેફરન્સ માટે રીફર કરેલ હતાં તે બાબતનું ગાયનેક અભિપ્રાય તથા મેડીકલ સર્ટીફીકેટ

મળવા યાદી કરેલી તે યાદી આંક–૭૭ થી રજુ કરેલ છે તથા રીફર નોટ આંક–૭૮ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, દર્દીને ગાયનેક રેફરન્સ માટે ગાયનેક વિભાગમાં મોકલેલ જયાં તેમની તપાસ ડો.પ્રિયંકા જોગીયાએ કરેલી, જે અંગેના અસલ કેસ પેપર્સ માણાવદર સી.એચ.સી. ખાતેથી યાદીથી મોકલેલ તથા તેણીનો યુરીન પ્રેગનન્સીનો રીપોર્ટ તથા સોનોગ્રાફીનો રીપોર્ટ પણ મોકલેલ, ગાયનેક ડો.શ્રીના અભિપ્રાય મુજબ ભોગ–બનનાર સાથે શારીરીક સબંધ થયેલ છે કે નહી તે રુલ આઉટ કરી શકાય નહી, જે રીપોર્ટ ફોરવર્ડીંગ લેટરથી મોકલી આપેલ તે લેટર આંક–૭૯ થી રજુ કરેલ છે. ગાયનેક ડો.શ્રીની તપાસ દરમ્યાન ભોગ–બનનારને એક સંતાન હતું, તેણીને ૧૬ વર્ષનું એક સંતાન છે જેનો સીઝેરીયનથી જન્મ થયેલો, ભોગ–બનનારની છેલ્લી માસીકની તા.૧૨/૧૧/૧૯ ની હતી, તેમનું માસીક નીયમીત હતું, તેણીએ તેના પતિ જોડે બે મહીના પહેલા શારીરિક સબંધ બાંધેલ હતો, તેણીએ છેલ્લો શરીર બાંધ્યા બાદ સ્નાન કરેલ તથા કપડા બદલેલ હતાં, તેણીએ છેલ્લા શારીરિક સબંધ બાંધવા માટે કોઇ કોન્ટ્રાસેપ્શનનો ઉપયોગ કરેલ નહી, ભોગ–બનનાર સભાન અવસ્થામાં હતા અને તેનું ચેકઅપ ઓન ડયુટી સીસ્ટરની હાજરીમાં ભોગ–બનનારની સંમતિ લઇને કરવામાં આવેલ હતું, તેણીના પલ્સ ૮૦ દર મીનીટના હતા, બ્લડ પ્રેશર ૧૧૦/૮૦ હતું, તેણીના જનાનંગોનું ચેકઅપ કરતા કોઇ બાહ્ય ઈજાના નીશાન જોવા મળેલ ન હતાં, તેનું પેટ નરમ હતું, તેમનું પર્સસ્પેકયુલમ એકઝામીનેશન કરતા તેની સર્વીકસમાં કોઇ ઈજા ન હતી તથા કોઇ જાતનું ટીયર ન હતું તથા તેનું માસીક ચાલુ હતું, વજાઇનલ પરીક્ષણ કરતા ગર્ભાશય નોર્મલ સાઇઝનું હતું તથા તેમાં કોઇ ટીયર ન હતું તથા કોઇ ડીસ્ચાર્ઝ થતો ન હતો, ભોગ–બનનારને ૩ થી ૪ સે.મી. જેટલા લાંબા જનાનંગો પર વાળ હતાં, બાદ તેણીની યુરીનથી પ્રેગનન્સી ટેસ્ટ કરતા તે નેગેટીવ આવેલ, સોનોગ્રાફી કરાવતા તે પણ નોર્મલ આવેલ તેમ જણાવે છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ સ્વીકાર કરેલ છે કે, તેમણે ભોગ–બનનારને તપાસેલ નથી, તેમણે સરતપાસમાં જે લખાવેલ તે મેડીકલ પેપર્સના આધારે લખાવેલ. તેઓએ ભોગ–બનનારને તપાસેલ ન હોય તેથી તેમની ચોકકસ પરીસ્થીતી

શું હતી તે તેઓ કહી શકે નહી, ભોગ–બનનાર સાથે દુર્વવ્યહાર થયેલ કે કેમ તે તેઓ કહી શકે નહી. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ભોગ–બનનારનો ગાયનેક અભિપ્રાય માટે તપાસ માટે આવતા ડો. પ્રિયંકા જોગીયાએ ભોગ–બનનારની તપાસ કરેલી અને સદર ડોકટરે ભોગ–બનનારની તપાસ દરમ્યાન જે પેપર્સ અને સર્ટીફીકેટ તૈયાર કરેલ તેના આધારે સદર સાહેદે જુબાની આપેલ છે, તેઓએ કોઇ તપાસ કરેલ નથી. જેથી ભોગ–બનનાર સાથે કોઈ દુર્વવ્યવહાર થયેલ છે કે કેમ તે તેઓ કહી શકે નહી તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે સદર સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષનો કેસ પુરવાર કરવામાં મદદરૂપ થાય તેમ નથી.

(૧૮) સદર કામે ફરીયાદપક્ષના સાહેદ ડો.ભાર્ગવ વિરમભાઈ ભાદરકાની આંક–૮૨ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૪/૧૨/૧૯ ના રોજ માણાવદર સી.એચ.સી.માં મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા ત્યારે બપોરના ચાર વાગ્યે જુનાગઢ મહીલા પો.સ્ટે. તરફથી આંક–૮૩ વાળી યાદીથી તમો આરોપીની મેડીકલ પરીક્ષણ કરવા લાવેલ તે યાદી આંક–૮૩ થી રજુ કરેલ છે. વધુમાં જણાવે છે કે, તેમની પાસે રજુ કરવામાં આવેલ આરોપી પરાગ હરસુખભાઈ ગરાળા, ઉ.વ.૨૯, રહે.વેળવા, તા.માણાવદરને તેઓએ મેડીકલ તપાસણી બાબતે પ્રાથમીક સમજ આપેલ અને તે અંગેના સર્ટી.માં તેની સંમતિ મેળવેલ, આરોપીના શરીર ઉપર ઓળખના ચિન્હોમાં જમણા હાથમાં 'ઓમ' ત્રોફાવેલ હતું તથા જમણી બાજુ ચહેરા પર કાળો તલ હતો. આરોપીને બનાવની હકીકત પુછતા તેમના રુબરુ જણાવેલ કે, ''મારી બાજુમાં તેની દુકાન હતી અને હું ત્યાં પાન માવો ખાવા જતો અને એનાથી મારે અફેર હતું અનેતે મને મીસકોલ મારતી અને સાથે હું સેકસ કરતો અને તે મને ઘરે મળવા બોલાવતી અને તે બપોરે હેઠવાડો નાખવા આવતી ત્યારે બપોરે મારી ઘરે મને મળવા આવતી અને તે મને રોજ ફોન કરતી, મારી વાઇફને ખબર પડી જતા તેના ઘરવાળાઓએ કેસ કરેલો'' તેવી હીસ્ટ્રી આપેલી અને તે અંગેની નોંધ તેમના સર્ટીફીકેટમાં કરેલ હતી અને તેમાં તમો આરોપીની સહી લીધેલ હતી. આરોપી ભોગ–બનનારને ઓળખતા હતાં, આરોપીના શરીર ઉપર કોઈપણ તાજા ઈજાના નીશાન ન

હતાં, આરોપીના કપડા સબંધીત પોલીસ ધ્વારા મેળવી લેવામાં આવેલ હતાં, તેમની સમક્ષ આવેલ આરોપીએ પહેરેલ કપડા ઉપર કોઈપણ જાતના લીપસ્ટીક, લોહી, વાળ વિગેરેના નીશાન જોવા મળેલ ન હતાં, આરોપીના શરીર ઉપર કોઈપણ જાતની બાહય ઈજાના નીશાન જોવા મળેલ ન હતાં. સદર સાહેદની જુબાની દરમ્યાન આરોપીની શારીરીક તપાસણી કરતા જે હકીકત માલુમ પડેલી તેનું વર્ણન કરેલ છે અને તેઓએ મેડીકલ સર્ટીફીકેટ તૈયાર કરેલ તેમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે જે સર્ટીફીકેટ આંક–૮૪ થી રજુ કરેલ છે. તેમજ આરોપીના શરીર ઉપરથી જે નમુના લીધેલા તેનું વર્ણન કરેલ છે, તેઓ એમ.એલ.સી. કાગળ સાથે લાવેલ છે તે આંક–૮૫ થી રજુ કરેલ છે અને લીધેલ નમુના એફ.એસ.એલ. કચેરીને મોકલેલ જે યાદી આંક–૮૬ થી રજુ કરેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને તપાસતા આરોપીના શરીર ઉપર આંતરીક કે બાહય ઈજાઓ જોવા મળેલ ન હતી, આરોપીના ગુપ્તભાગની તપાસ કરતા આરોપીએ બળજબરીપુર્વક શારીરિક સંભોગ કરેલ હોય તેવા કોઈ ચિન્હો જોવામાં આવેલ ન હતાં વિગેરે હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર સાહેદે આ કામના આરોપીની મેડીકલ તપાસણી કરેલી છે અને સદર આરોપીએ હીસ્ટ્રીમાં આ કામના ફરીયાદી સાથે અફેર હોવાનું અને તેમને મીસકોલ કરતી અને તેની સાથે તેઓએ સેકસ કરેલ હોવાનું અને તેમને ઘરે મળવા બોલવાતી હોવાની હકીકત હીસ્ટ્રીમાં જણાવેલ છે, વધુમાં આરોપીના શરીર ઉપર કે ગુપ્તભાગ ઉપર કોઈ બળજબરીપુર્વક શારીરીક સંભોગ કરેલ હોવાના કોઈ ચીન્હો જોવામાં આવેલ ન હતાં તેવું રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે ફરીયાદીએ તેની ફરીયાદમાં જે પ્રકારના આક્ષેપો કરેલાં છે અને બળજબરીપુર્વક તેની સાથે શારીરીક સંભોગ બળાત્કાર કરેલ હોવાની હકીકત જણાવેલ છે તે હકીકતને સદર સાહેદે આરોપીની કરેલ તપાસણી અંગેના પુરાવાથી સમર્થન મળતુ નથી.

(૧૯) વધુમાં સદર કામે ફરીયાદપક્ષના પંચ સાહેદ દિનેશભાઈ થોભણભાઈ મેંદપરાની આંક–૨૪ થી તેમજ બીજા પંચ સાહેદ દિનેશભાઈ રમણીકભાઈ

રાવલની આંક–૨૭ થી જુબાની જુબાની થયેલ છે. સદર પંચ સાહેદોએ તેમની જુબાનીમાં પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલી તે સ્વિાય પંચનામા વિશે તેઓ કાંઇ જાણતા નથી. તેઓને બનાવવાળી જગ્યાનું પંચનામુ બતાવતા તેમાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે જે પંચનામુ આંક–૨૫ થી રજુ થયેલ છે. વધુમાં આંક–૨૬ વાળી પંચ કાપલીમાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સ્વિાય પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

**(૨૦)** વધુમાં સદર કામે ફરીયાદપક્ષના પંચ સાહેદ ભીમાભાઇ મંગાભાઇ પંચાલની આંક–૨૮ થી જુબાની થયેલ છે. સદર પંચ સાહેદોએ તેમની જુબાનીમાં પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલી તે સ્વિાય પંચનામા વિશે તેઓ કાંઇ જાણતા નથી. તેઓને ફરીયાદીએ પહેરેલ કપડા કબ્જે લીધાનું પંચનામુ બતાવતા તેમાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે જે પંચનામુ આંક–૨૯ થી રજુ થયેલ છે. વધુમાં આંક–૩૦ થી આંક–૩૨ વાળી પંચ કાપલીમાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સ્વિાય પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

**(૨૧)** સર કામે ફરીયાદપક્ષના પંચ સાહેદ આશીષભાઇ વિઠ્ઠલભાઇ કણસાગરાની આંક–૩૮ થી તેમજ બીજા પંચ સાહેદ વિપુલભાઇ રમણીકભાઇ સોભાસણાની આંક–૪૪ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં પોલીસે તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલી તે સ્વિાય પંચનામા વિશે તેઓ કાંઇ જાણતા નથી. તેઓને આરોપીને અટક કર્યાના અને કપડા કબ્જે લીધાનું પંચનામુ બતાવતા તેમાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે જે પંચનામુ આંક–૩૯ થી રજુ થયેલ છે. જો કે સદર પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

**(૨૨)** સદર કામે ફરીયાદપક્ષના પંચ સાહેદ હરીભાઇ થોભણભાઇ મેંદપરાની આંક–૪૭ થી તેમજ બીજા પંચ સાહેદ સુરેશભાઇ અરજણભાઇ ગરાળાની આંક–પર થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં પોલીસે તૈયાર પંચનામામાં

સહી કરવાનું કહેતા સહી કરી આપેલી તે સ્વિાય પંચનામા વિશે તેઓ કાંઇ જાણતા નથી. તેઓને આરોપીના કપડા કબ્જે લીધાનું પંચનામુ બતાવતા તેમાં પોતાની સહીઓ ઓળખી બતાવે છે જે પંચનામુ આંક-૪૮ થી રજુ થયેલ છે. તેમજ મુદ્દામાલ પરની પંચ સ્લીપોમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે જે પંચ સ્લીપ આંક-૪૯ થી આંક-૫૧ સુધીની રજુ થયેલ છે. જો કે સદર પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

**(૨૩)** વધુમાં ફરીયાદપક્ષના પોલીસ સાહેદ ગૌરીબેન ગલાભાઇ મકવાણાની આંક-૯૫ થી જુબાની થયેલ છે. સદર સાહેદે તેમની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તા.૧૩/૧૧/૧૯ ના રોજ તેઓ મહીલા પો.સ્ટે. જુનાગઢ ખાતે ફરજ પર હાજર હતા તે વખતે માણાવદર પો.સ્ટે.ગુ.ર. નં. ફસ્ટ ૪૬/૧૯, ઇ.પી.કોડ કલમ-૩૭૬, ૩૫૪(એ)(બી)(સી), ૩૬૫, ૫૦૬(૨) મુજબની તપાસ મ્હે.પો.અધિ.શ્રી જુનાગઢના હુકમથી તેમના તરફ હુકમ થતા તપાસ સંભાળેલ હતી, તપાસના કામે ફરીયાદી ભોગ-બનનારનું વિશેષ નીવેદન લીધેલ, ફરીયાદીના ભાઇ તથા ભાભીનું નીવેદન લીધેલ, ફરીયાદીના પતિ રાજેશભાઇનું નીવેદન લીધેલ, બનાવવાળી જગ્યાનું આંક-૨૫ વાળું પંચનામુ કરેલ, મુદ્દામાલ કબ્જે લીધેલ, આરોપીની માતાનું નીવેદન લીધેલ, ફરીયાદીએ બનાવ સમયે પહેરેલ કપડા કબ્જે લીધેલ, ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવેલ તથા કલમ-૧૬૪ મુજબનું નીવેદન લેવા જયુડી.મેજી.ફ.ક.શ્રી માણાવદરને યાદી કરેલી જે આંક-૯૬ થી રજુ કરેલ છે તથા ભોગ-બનનારને નીવેદન આપવા આંક-૯૭ ની યાદીથી જાણ કરવામાં આવેલી. આરોપીને આંક-૩૯ વાળા પંચનામાની વિગતે અટક કરવામાં આવેલા, તમો આરોપીના કપડા કબ્જે લીધેલ, તમો આરોપી તથા ભોગ-બનનારના લીધેલ નમુના પંચો રુબરુ પંચનામાની વિગતે કબ્જે લીધેલ, ભોગ-બનનારની શારીરીક તપાસ કરાવવાની કાર્યવાહી કરેલી, મુદ્દામાલ એફ.એસ.એલ. પરીક્ષણ માટે રવાનગી નોંધ તૈયાર કરી મોકલી આપેલ જે રવાનગી નોંધ આંક-૯૮ થી રજુ થયેલ છે તથા એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળી ગયાની પહોંચ આંક-૯૯ થી તથા એફ.એસ.એલ. કચેરીનો ફોરવર્ડીંગ પત્ર આંક-૧૦૦ તથા અહેવાલ આંક-૧૦૧ થી રજુ થયેલ છે તથા ભોગ-

બનનારનું કલમ–૧૬૪ મુજબનું નીવેદન લેવા નામ. કોર્ટને યાદી કરેલી તે યાદી આંક–૧૦૨ થી રજુ કરેલ છે. સદર સાહેદની જુબાની દરમ્યાન એફ.આઇ.આર.ની ખરીનકલ આંક–૧૦૩ થી તથા સ્ટેશન ડાયરીના ઉતારાની ખરીનકલ આંક–૧૦૪ થી તથા ગુનો નોંધવા પી.એસ.ઓ.ને કેરલ યાદી આંક–૧૦૫ થી તથા સ્પે.રીપોર્ટ આંક–૧૦૬ થી તથા ગુનાની તપાસ સોંપ્યાની યાદી આંક–૧૦૭ થી તથા એફ.એસ.એલ. અધિકારીની તપાસના કામે જરૂરીયાત હોય પો.અધિ.શ્રીને કરેલ મેસેજ આંક–૧૦૮ થી રજુ થયેલ છે. સદર સાહેદ વધુમાં જણાવે છે કે, તેઓએ તપાસ દરમ્યાન ભોગ–બનનારનું નીવેદન લીધેલ અને તેમની સમક્ષના નીવેદનમાં જે હકીકત જણાવેલી તે હકીકત સદર સાહેદે તેની જુબાની દરમ્યાન જણાવેલ છે તથા સાહેદ સેજલબેન વા/ઓ. વિજયભાઇનું નીવેદન લીધેલ અને તેઓએ તેમની સમક્ષના નીવદનમાં જે હકીકતો જણાવેલી તે હકીકત સદર સાહેદે તેની જુબાની દરમ્યાન જણાવેલ છે. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી ત્રણેક મહીના જેટલી મોડી દાખલ થયેલ તેવું તેમની તપાસમાં ખુલેલ, એફ.આઇ.આર.ના કોલમ–૮ માં ફરીયાદ મોડી કર્યા અંગેનું કારણ દર્શાવેલ નથી, તેઓ સ્વેચ્છાએ જણાવે છે કે, ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ હકીકત મુજબ ફરીયાદીને આરોપી વીડીયો વાયરલ કરી દેવાની ધમકી આપતા હોય જેથી તેના ડરના કારણે અગાઉ ફરીયાદ આપેલ નહી તેવો ઉલ્લેખ છે. તેમની તપાસ દરમ્યાન વીડીયો વાયરલ કરેલો હોય તેવો વીડીયો મળી આવેલ નથી વિગેરે હકીકતો ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવેલ છે. આમ, સદર પોલીસ સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ તેમની તપાસ દરમ્યાન કરેલ કામગીરી અંગેનો પુરાવો આપેલ છે અને ફરીયાદીએ ફરીયાદ ત્રણેક મહીના મોડી દાખલ કરેલાનું તપાસમાં ખુલવા પામેલ છે.

(૨૪) વધુમાં સદર કામે ફરીયાદપક્ષના પોલીસ સાહેદ જયશ્રીબેન પ્રાગજીભાઇ વરીયાની આંક–૧૦૯ થી જુબાની થયેલ છે. તેઓએ તેમની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, તેઓને સદર ગુનાની આગળની તપાસ મળતા કેસ કાગળો વંચાણે લઇ મુદામાલ એફ.એસ.એલ. જુનાગઢ ખાતે મોકલાઇ

જવામાં હોય પરંતુ ગુનાના કામે માર્ક–આર વાળો મોબાઈલ ફોન પરત આવતા મોબાઈલની ઓન લાઈન, ઓફલાઈન રવાનગી તૈયાર કરી એફ.એસ.એલ. જુનાગઢને મોકલવા તજવીજ કરેલી, એફ.એસ.એલ. ગાંધીનગર તરફથી આવેલ મુદ્દામાલ સંભાળ્યાની પહોંચ મેળવી કામમાં સામેલ રાખેલ અને તપાસ પૂર્ણ થયા બાદ ચાર્જશીટ કરવા લાયક પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલું. સદર સાહેદની બચાવપક્ષના વકીલશ્રી ધ્વારા ઉલટતપાસ કરતા એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આ કામે એફ.એસ.એલ.માં મુદ્દામાલ મોકલવા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી. આમ, સદર સાહેદના પુરાવાનું મુલ્યાંકન કરતા તેઓએ તપાસને અંતે ચાર્જશીટ કરેલ છે.

**(૨૫)** ફરીયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ આ કામના આરોપીએ ફરીયાદી ભોગ–બનનારને અવાર નવાર જુદા જુદા સમયે ફરીયાદી પાસે બીભત્સ માંગણી કરતા ફરીયાદીએ ના પાડેલ, જેથી ફરીયાદી ભોગ–બનનારને તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી, ફરીયાદી ભોગ–બનનારની ઈચ્છા વિરુધ્ધ આરોપીએ ફરીયાદીના ઘરે તથા ફરીયાદી ભોગ–બનનાર એઠવાડ નાખવા જતા હતા ત્યારે આ કામના આરોપીએ ફરીયાદી ભોગ–બનનારનો હાથ પકડી તેની દુકાનમાં લઈ જઈ ત્યાં પણ ફરીયાદી સાથે તેની મરજી વિરુધ્ધ સંભોગ કરી અને ફરીયાદીને પોતાની વીડીયો કલીપ બનાવી છે તેમ જણાવી હવે પછી સંભોગ નહી કરવા દે તો તે કલીપ વાયરલ કરી દેશે તેવી તથા આ વાત કોઈને કહીશ તો ફરીયાદીને તથા તેના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલ હોવાનો આક્ષેપ મુકવામાં આવેલ છે અને સદર કામે મુળ ફરીયાદી ભોગ–બનનારનો પુરાવો મહત્વનો બની રહે છે અને આ કામે મુળ ફરીયાદી ભોગ–બનનારે તેની જુબાની દરમ્યાન તેઓએ આપેલ આંક–૫૫ વાળી ફરીયાદમાં જે પ્રકારના આક્ષેપો કરેલાં છે તે મુજબની કોઈ હકીકત પોતાની જુબાનીમાં જણાવેલ નથી અને તેઓએ પોલીસને કોઈ હકીકત લખાવેલ નથી, સહી કર્યા સિવાય બનાવ બાબતે તેણી કાંઈ જાણતી નથી કે તેણીએ કાંઈ લખાવેલ નથી તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે

આ કામના આરોપી ધ્વારા તેણીને અવાર નવાર તેની મરજી વિરુધ્ધ બળાત્કાર સંભોગ કરી અને તેની કલીપ બનાવી, વીડીયો કલીપ વાયરલ કરી દેવાની અને બદનામ કરી દેવાની ધમકી આપી અવાર નવાર મરજી વિરુધ્ધ બળાત્કાર સંભોગ કરેલો અને આ વાત કોઈને કહેશે તો તેના પુત્રને જાનથી મારી નાખશે તેવી ધમકી આપેલ હોવાના જે આક્ષેપો કરેલાં છે તે મુજબની કોઇ હકીકત ફરીયાદીએ તેની જુબાની દરમ્યાન જણાવેલ નથી. વધુમાં ફરીયાદીએ તેની ફરીયાદમાં જે પ્રકારના આક્ષેપો કરેલાં છે તે મુજબની કોઇ હીસ્ટ્રી ડોકટર સમક્ષ પણ જણાવેલ નથી અને ડોકટરના પુરાવા મુજબ ભોગ–બનનારે હીસ્ટ્રીમાં લખાવેલ કે, તેણી પરાગ હરસુખ ગરાળા કે જે મારા પાડોશી છે તેને છેલ્લા છ વર્ષથી ઓળખુ છું તથા દોઢ વર્ષથી વાતો કરીએ છીએ તથા તે મનેમારા ઘરે મળવા આવતા ત્યારે અમે શારીરિક સબંધ પણ બાંધતા હતાં, છેલ્લા છ મહીનાથી હું તેને મળવા તથા વાત કરવાની ના પાડેલી પણ તે જબરજસ્તી મળવા માંગતા હતાં'' તેવી હકીકત હીસ્ટ્રીમાં જણાવેલ છે ત્યારે આરોપીએ તેની સાથે અવાર નવાર જબરજસ્તીથી બળાત્કાર સંભોગ કરેલ હોય તેવી હકીકત જણાવેલ નથી, વધુમાં ડોકટરે તેની શારીરીક તપાસણી કરતા જબરજસ્તીના કોઈ નીશાન તેના પ્રાઈવેટ પાર્ટ ઉપર જણાય આવેલ નથી. વધુમાં આ કામે આરોપીની મેડીકલ તપાસણી કરનાર ડોકટરને તપાસેલ છે અને તેમની સમક્ષ આરોપીએ હીસ્ટ્રીમાં જણાવેલ કે, મારી બાજુમાં તેની દુકાન હતી અને હું ત્યાં પાન માવો ખાવા જતો અને એનાથી મારે અફેર હતુ અને તે મને મીસકોલ મારતી અને સાથે હું સેકસ કરતો અને તે મને ઘરે મળવા બોલાવતી અને તે બપોરે હેઠવાડો નાખવા આવતી ત્યારે બપોરે મારી ઘરે મને મળવા આવતી અને તે મને રોજ ફોન કરતી, મારી વાઇફને ખબર પડી જતા તેના ઘરવાળાઓએ કેસ કેરલો'' તેવી હકીકત હીસ્ટ્રીમાં જણાવેલ છે. વધુમાં તેઓએ આરોપીની શારીરીક તપાસણી કરતા આંતરીક કે બાહય કોઈ ઈજાના નીશાન જોવા મળેલ ન હતાં તથા આરોપીના ગુપ્ત ભાગની તપાસ કરતા આરોપીએ બળજબરીપુર્વક શારીરીક સંભોગ કરેલ હોય તેવા કોઇ ચીન્હો જોવામાં આવેલ ન હતાં તેવી હકીકત તબીબી પુરાવાથી રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે આ કામના આરોપીએ ભોગ–બનનાર ફરીયાદી સાથે તેની મરજી વિરુધ્ધ બળાત્કાર સંભોગ કરેલ

હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આ કામે અન્ય જે સાહેદોએ પુરાવો આપેલ છે તેમાં ભોગ–બનનારના પતિ, પુત્ર તથા ભાઈ, ભાભીનો મૌખિક પુરાવો રજુ થયેલ છે અને સદર તમામ સાહેદો હીયર્સે સાહેદો છે અને તેઓના પુરાવાથી ફરીયાદ હકીકતને સમર્થન મળતુ નથી અને ખુદ ભોગ–બનનારે જ બનાવ બનેલાની હકીકતને સમર્થન કરેલ નથી ત્યારે હીયર્સે વીટનેશના પુરાવાથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થઈ શકે નહી. આ કામે પંચ સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ છે અને પંચોના પુરાવાથી પંચનામાની હકીકત પુરવાર થતી નથી. વધુમાં આ કામે પોલીસ સાહેદોએ તેઓએ કરેલ કામગીરી અંગેનો પુરાવો આપેલ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ આરોપી સામે મુકવામાં આવેલ આક્ષેપ મુજબના કોઈ તત્વો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય અને આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ શંકારીહત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય આરોપીને દોષિત ઠરાવી શકાય તેમ નથી. જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના આરોપી **પરાગ હરસુખભાઈ ગરાળા,** રહે. વેળવા, તા.માણાવદર, જી.જુનાગઢ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૬(૨)(એન), ૩૫૪(એ.બી.સી.), ૩૬૫, ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી પુરતા પુરાવાને અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ ધોરણસર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ મુજબ નામ. હાઈકોર્ટ સમક્ષ આ ચુકાદા વિરુધ્ધ કોઈ અપીલ, રીવીઝન કે અન્ય

કોઇ પ્રોસડીંગ થાય તો તેમાં હાજર રહેવા માટે તહોમતદારે રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચીસ હજાર પુરાં) ના જાત મુચરકા અને તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા. આ જામીન રજુ થયેથી કેસ દરમ્યાન આ તહોમતદારના લેવાયેલા જામીન રદ થયેલાં ગણાશે.

**(૪)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) અન્વયે લેવાયેલા તહોમતદારના જામીનની સમય મર્યાદા છ માસ સુધીની રહેશે.

હુકમ આજ તા.૦૧ મી, માહે-એપ્રીલ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેરે કરવામાં આવ્યો.

વંથલી.
તા.૦૧/૦૪/૨૦૨૬.

**(સલીમભાઇ બાબુલાલ મનસુરી)**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
વંથલી.
**Code No. GJ00698**